ગાંધીનગર સમાચાર

# જન્મદિને વધામણી



એલ ટી બોરા
પૂર્વ ક્રિકેટર, ગાયક
મો. ૯૯૨૫૫ ૯૫૧૪૮



રમાબેન બી ઠાકર
ફોન : ૨૩૨૪૧૦૧૬



દીપ આર સોની
મો. ૯૪૨૮૩ ૫૫૯૪૬



રચના બી રાવલ



સ્તુતિ જોષી
આચાર્ય, સરકારી પ્રાથમિક શાળા, સરગાસણ

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# સૅક્ટર-૨૮/૨ સરકારી પ્રાથમિક શાળા ખાતે વાર્ષિકોત્સવની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરની સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૨૮/૨ ખાતે વાર્ષિકોત્સવની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા સુંદર સાંસ્કૃતિક કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી હતી.

વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવા માટે મળેલી આ તકનો શિક્ષકો દ્વારા નિષ્ઠાપૂર્વક લાભ લેવામાં આવ્યો હતો અને તેમણે વિદ્યાર્થીઓ પાસે અવનવી સાંસ્કૃતિક કલા કૃતિઓ તૈયાર કરાવી હતી, જેનું સુંદર પરિણામ કાર્યક્રમમાં જોવા મળ્યું હતું.

વિદ્યાર્થીઓએ પણ પોતાના કલા કૌશલનું પ્રદર્શન કરતાં બાળગીત, નાટક, ગીત, પિરામીડ તથા અન્ય કૃતિઓ પ્રસ્તુત કરીને ઉપસ્થિત અતિથિઓ, પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં હતાં. આ પ્રસંગે ગાંધીનગર મહાનગર પાલિકાનાં નગરસેવક હર્ષાબા ધાંધલ, સીઆરસી પ્રકાશભાઈ, આચાર્ય રીટાબેન, શિક્ષકો અને વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. શિક્ષકોએ વિદ્યાર્થીઓને શિક્ષણ સીંચન સાથે જીવન ઉપયોગી અન્ય પ્રવૃત્તિઓ પણ શીખવી હોવાનું આ કાર્યક્રમના માધ્યમથી ઉજાગર થયું હતું, જે બદલ સૌ પ્રેક્ષકોએ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

## ગાંધીનગરનાં રહેવાસી

# કીર્તિદા બ્રહ્મભટ્ટના બાળકાવ્ય સંગ્રહ 'પાંચીકડાં'ને સાહિત્ય અકાદમી દ્વારા શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક



ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના સુપ્રસિધ્ધ બાળ સાહિત્યકાર શ્રીમતી કીર્તિદા વિજય બ્રહ્મભટ્ટના બાળકાવ્ય સંગ્રહ 'પાંચીકડાં'ને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ-૨૦૧૫ના બાળકાવ્ય વિભાગમાં શ્રેષ્ઠ પુસ્તકનું પ્રથમ પારિતોષિક જાહેર કરાયું છે. શ્રીમતી કીર્તિદા બ્રહ્મભટ્ટના છ બાળકાવ્ય સંગ્રહો પ્રકાશિત થયા છે. તેમાંના પાંચ પુસ્તકોને અકાદમી અને સાહિત્ય પરિષદ તરફથી શ્રેષ્ઠ બાળકાવ્ય સંગ્રહોનું સન્માન જાહેર થયું છે. આગામી દિવસોમાં યોજાનારા ભવ્ય સમારોહમાં આ પુરસ્કાર અર્પણ કરાશે.

અધિક સચિવ પદેથી રાજ્ય સરકારની સેવામાંથી નિવૃત્ત થનાર કીર્તિદાબેન બ્રહ્મભટ્ટના બાળકાવ્યોમાં ગેય તત્વ વિશેષ છે. બાળકનાં વિસ્મય, કલ્પના, આકાંક્ષા, ઈચ્છાઓ અને સપનાંને તેમણે શબ્દોમાં કંડાર્યા છે. પ્રકૃત્તિના તત્ત્વોને તેમણે અત્યંત સહજતાથી કાવ્યોમાં વણીને બાળસહજ બનાવ્યાં છે.

શ્રીમતી કીર્તિદાબેન વિજય બ્રહ્મભટ્ટનો પ્રથમ કાવ્યસંગ્રહ 'ઝરણું ઝાંઝરિયું' વર્ષ-૨૦૦૫માં પ્રકાશિત થયો હતો. ત્યાર બાદ વર્ષ-૨૦૦૭માં 'ટમકે તારા' , વર્ષ-૦૦૯માં 'પર્વતની ટોચે', વર્ષ-૨૦૧૧માં 'તારલિયાની ટોળી' અને વર્ષ-૨૦૧૩માં 'અજવાળા લ્યો' પ્રકાશિત થયાં છે. આ પૈકીના 'ટમકે તારા' અને 'તારલિયાની ટોળી'ને સાહિત્ય અકાદમીનું શ્રેષ્ઠ બાળસાહિત્યનું સન્માન અને 'પર્વતની ટોચે'ને ગુજરાતી સહિત્ય પરિષદનું સન્માન પ્રાપ્ત થયું છે.

ગાંધીનગરના સાહિત્યકારો અને સાહિત્ય રસિકો તરફથી શ્રીમતી કીર્તિદા વિજય બ્રહ્મભટ્ટને અભિનંદન અને શુભકામનાઓ મળી રહી છે.

## ડાયરેક્ટ ❤ સે

શબ્દ ૧ જ મૂકાય
ને અર્થ ફરી જાય છે
આંકડો ૧ જ મૂકાય
ને દાખલો ફરી જાય છે
પગલું ૧ જ મૂકાય
ને દિશા ફરી જાય છે
સાથે અગર
૧ સારી વ્યક્તિ મળે
તો જિંદગી ફરી જાય છે

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-3**
બાહુબલિ
૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
મિર્ઝા જુલિયટ
સવારે ૧૦.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
લલ્લી કી શાદી મેં લડ્ડુ દિવાના
૧.૦૦

**સ્ક્રીન-૫**
મિર્ઝા જુલિયટ
૧૨.૩૦
નામ શબાના
૩.૩૦, ૬.૩૦, ૯.૪૫

# હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે રામનવમી મહોત્સવની ઉજવણી



ગાંધીનગર, તા. ૬

હરે કૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા તા. ૫ એપ્રિલ, ૨૦૧૭ બુધવારના રોજ ભગવાન શ્રી રામચંદ્રના અયોધ્યાના રાજા દશરથ અને તેમના પત્ની કૌશલ્યાના ત્યાં થયેલ દિવ્ય અવતરણની યાદગીરીરૂપે "શ્રી રામનવમી મહોત્સવ"ની ઉજવણી કરવામાં આવી હજારો ભકતોએ લાભ લીધો હતો.

શ્રધ્ધાળુ ભકતોએ આખા દિવસ દરમ્યાન ઉપવાસ રાખ્યો હતો અને ભગવાન શ્રીરામના પવિત્ર નામનું રટણ કરીને તેમજ રામાયણ સાંભળીને ભગવાન શ્રીરામનું સ્મરણ કર્યુ હતું. આ ઉત્સવ દરમ્યાન હરે કૃષ્ણ મંદિર, ભાડજમાં ભગવાન શ્રી શ્રી રાધા માધવની મૂર્તિઓને વિશેષ અંલકારથી શણગારવામાં આવ્યા હતા. ઉત્સવના વિશેષ ભાગરૂપે મંદિરમાં અતિસુંદર પુષ્પોથી સુશોભિત ભવ્ય રામ દરબારનું નિર્માણ પણ કરવામાં આવ્યું હતું.

ભગવાન શ્રી શ્રી રાધા માધવને ભવ્ય પાલકીમાં મંદિરના પરિસરમાં વિહાર કરાવવામાં આવ્યા હતા જયારે ભકતો ભગવાન શ્રીરામના પવિત્ર નામનું ગાન કરતા સંકિર્તન ગાઈને જોડાયા હતા. ત્યારબાદ સૌ ભક્તોએ "શ્રી રામ અષ્ટોત્તર શત્ નામ" (૧૦૮ નામ) તથા અન્ય વૈદિક મંત્ર રટણ કરતા "શ્રી રામ તારક યજ્ઞ" કર્યો હતો. અંતમાં, મહામંગલા આરતી ઉતારવામાં આવી જે દરમ્યાન સૌ ભકતોએ "શ્રી નામ રામાયણ" જેમાં સંપૂર્ણ રામાયણને ગીતરૂપે નિરૂપાવામાં આવી છે તેનું ગાન કર્યું.

# સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ દ્વારા ૨૧ એપ્રિલથી સમર કૅમ્પ

ગાંધીનગર, તા. ૬

સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ, સૅક્ટર-૮ દ્વારા પ્રતિવર્ષની જેમ આ વખતે પણ સમર કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની એક અખબારી યાદીમાં પ્રિન્સિપાલ દ્વારા જણાવવામાં આવ્યું છે કે આ વર્ષે સમર કૅમ્પનો સમયગાળો તારીખ ૨૧ એપ્રિલથી ૨૦ મે દરમિયાનનો રાખવામાં આવ્યો છે.

સમર કૅમ્પ અંતર્ગત ફૂટબૉલ, બાસ્કેટ બૉલ, સ્કેટિંગ, ક્રિકેટ, ચૅસ, ડાન્સ તથા વિશેષ કરીને આર્ચરીનું કોચિંગ નિષ્ણાત કોચ દ્વારા આપવામાં આવશે. આ સમર કૅમ્પમાં ગાંધીનગરના કોઈપણ વિદ્યાર્થી, તાલીમાર્થી ભાગ લઈ શકે છે. અલબત્ત એ માટે નિયત ફૉર્મ ભરવું જરૂરી છે.

આ સમર કૅમ્પમાં ભાગ લેવા ઈચ્છતા તાલીમાર્થીઓએ શાળા સમય દરમિયાન ફૉર્મ મેળવી, ભરીને પરત કરી દેવાનાં રહેશે એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

# બે દિકરીની માતાઓને વિરમગામ ખાતે રાષ્ટ્રીય બચતપત્રો આપવામાં આવ્યાં



ગાંધીનગર, તા. ૬

વિરમગામ તાલુકા હેલ્થ ઓફિસ સંલગ્ન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મણીપુરાના એક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાંસવાના સેવા વિસ્તારના એક એમ કુલ વિરમગામ તાલુકાની બે મહિલાઓએ માત્ર બે દિકરી પર કુટુમ્બ કલ્યાણનું ઓપરેશન કરાવ્યુ છે. ફકત બે દિકરી પર ઓપરેશન કરાવનાર બન્ને મહિલાઓને વિરમગામ પ્રાન્ત ઓફિસર પ્રસસ્તિ પારીક ના હસ્તે રૂ.૫૦૦૦/- ના રાષ્ટ્રીય બચતપત્ર આપવામાં આવ્યા છે. આ કાર્યક્રમમાં તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલા, એસ. એલ. ભગોરા, કે.એમ.મકવાણા, ગૌરીબેન મકવાણા, નીલકંઠ વાસુકીયા, જયેશ પાવરા ઉપસ્થિત રહ્યા હતા. વિરમગામ પ્રાન્ત ઓફિસર દ્વારા વિરમગામ તાલુકામાં કરવામા આવી રહેલ આરોગ્ય વિભાગની કામગીરીની પ્રસંશા કરવામાં આવી હતી. દિકરી યોજના અંગે માહિતી આપતા તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલાએ જણાવ્યુ હતુ કે, ૩૫ વર્ષથી નાની ઉંમરની બહેનો જેને જીવિત સંતાનમાં ફકત એક અથવા બે દિકરી હોય (દિકરો નહીં) તેવી બહેનો કુટુંબ નિયોજન ઓપરેશન કરાવે તેને લાભ મળે છે. ફકત એક દિકરી પર ઓપરેશન કરાવનારને રૂ.૬૦૦૦/- ના રાષ્ટ્રિય બચતપત્રો આપવામાં આવે છે. ફકત બે દિકરી પર ઓપરેશન કરાવનારને રૂ.૫૦૦૦/- ના રાષ્ટ્રીય બચતપત્રો આપવામાં આવે છે. વિરમગામ તાલુકાના ઉખલોડ તથા વાંસવાના ગામના મહિલાએ બે દિકરી પર કુટુમ્બ કલ્યાણનું ઓપરેશન કરાવ્યુ હતુ. જેથી તેઓને દિકરી યોજના અંતર્ગત મળવાપાત્ર લાભ મુજબ રૂ.૫૦૦૦/- ના રાષ્ટ્રીય બચતપત્ર આપવામાં આવ્યા છે. આ બન્ને બહેનોએ દિકરીને જ દિકરા સમાન ગણાવીને બેટી બચાવો અભિયાન માટે ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યુ છે.

# ખુદમાં ખુદા છે પરંતુ તમે કદી તેને મળો છો ખરા ?





માનવ જીવન પ્રતિદિન વધુ કપરું, કષ્ટદાયી, કંગાળ, કુરૂપ થઈ રહ્યું છે અને જીવનમૂલ્યો બહુ જ ઝડપથી નાશ પામી રહ્યાં છે. તો બીજી તરફ જીવન બોજ લાગી તણાવની પરંપરા સર્જી રહ્યું છે. આમ આદમી જાણે કે વેઠ કરી પેટીયું રળી રહેવા ભારે જહેમત ઊઠાવે છે, છતાં એ કામમાં પણ નિરાશાઓ જ મળી રહે છે. સંપત્તિનું હોવું એક તરફની ઘટના બની ગઈ છે. પૈસાથી પૈસો કમાનાર વર્ગ નાનો છતાં પુષ્કળ પ્રભાવક થઈ રહ્યો છે તો બીજી તરફ પૈસો કઈ રીતે કમાવો તેની અવિરત ઉપાધિ કરનાર વર્ગ વિસ્તૃત થઈ રહ્યો છે. દેશની પ્રવર્તમાન હાલત ઘણી ચિંતાકારક છે. આપણે કોઈ રાજકારણની વાત કરવા ઈચ્છતા નથી પરંતુ સવાલ એક જ છે કે કોણ આજે શાંતિથી જીવી રહ્યું છે ? વિકાસના નામે પથ્થરો હવે તરી રહ્યા છે જેની ભૂખ સર્વત્ર છે. રામના નામવાળા પથ્થરો દરિયામાં ડૂબતા ન હતા પરંતુ ખુદ ભગવાન રામે પથ્થર દરિયામાં ફેંક્યો તો એ ડૂબી ગયો ! તાત્ત્વિકોના મતે જેને ઈશ્વર જ ફેંકી દે તેને કોણ બચાવી શકે ?



માણસોને માનવીઓના સહારાની, હૂંફની, પ્રેમની અપેક્ષા હોય છે, જે કુદરતનો નિયમ છે પરંતુ હવે જે સમાજરચના થઈ રહી છે તેમાં માણસાઈ વિનાના મહેલો ઊભા કરવાની ચેષ્ટા દેખાઈ રહી છે. જ્યારે કાનૂન એ ડરનું સાધન નથી રહ્યો ને ન્યાયાલયોના ન્યાયમંદિર કરતાં શ્રદ્ધાસ્થાનકો પરની ભીડ હંમેશાં વધતી જાય છે. ન્યાયના માર્ગે પણ વિલંબ પુષ્કળ છે. આવી સ્થિતિમાં આમ નાગરિક માટે જીવનની ચિંતા હળવી કરનાર તત્ત્વ જ ક્યાં રહ્યું ?

આપણે સમય જતાં યોગ્ય કક્ષાની ઉમદા સમાજરચના નથી કરી શક્યાં કેમ કે નાણાંને, સત્તાને, સંખ્યાને જરૂરત કરતાં વધુ મહત્ત્વ આપતાં થઈ ગયાં છીએ. વ્યક્તિ પોતાનો સ્વતંત્ર કોઈ અભિપ્રાય આપતાં પણ ડરે એ છે આપણી લોકશાહી ? ખુદમાં રહેલા ખુદાને મળવાનો સમય માનવી પાસે રહ્યો જ નથી. સંવાદ-વિવાદ થયા કરે છે, જે વિશ્વના પ્રબંધનનો હિસ્સો છે પરંતુ સ્વયં સાથે કદી મુલાકાત થઈ શકતી નથી. પોતાના અસ્તિત્વને ભૂલીને માણસ જાણે કે મશીન જેવી જ જિંદગીનો ગુલામ થઈ ચૂક્યો છે. જે નથી પરિવારને મળી શકતો કે નથી સ્નેહીજનોને પામી શકતો કે નથી પોતાના કાર્યસ્થળે સંતોષ પ્રાપ્ત કરી શકતો.

ઈશ્વરે એક અદાલત હૃદયના શિખરે આપી છે ત્યાંથી આદેશ સતત મળતા જરહે છે. પરંતુ તેનેય સાંભળવાની માણસને પરવા નથી.

જે વાસ્તવિક નથી તેવી સંવેદનાઓ અને સ્નેહ માટે માણસ કલાકો સુધી ઈન્ટરનેટ અને મોબાઈલ સાથે વિતાવે છે પરંતુ જે નજર સામે છે એનું મૂલ્ય શૂન્ય જેટલુંય નથી. ધર્મ અને માન્યતા નૈતિક બળ પૂરું પાડે છે પરંતુ સ્વયં સાથેનો સંવાદ વ્યક્તિને સભાન વ્યક્તિત્વની ભેટ પૂરી પાડે છે. માનવીમાં રહેલા નકારાત્મક તત્ત્વોને ફિલ્ટર કરવાની આ મોટી તક છે. ખુદને મળો તો ખુદા જરૂર સત્યના, સદાચારના માર્ગે લઈ જવામાં મદદ કરશે.

આપણાં આયોજન બધાં સ્વાર્થ અને દંભથી ભરેલાં જોવા મળે છે પરંતુ કુદરતનાં આયોજનમાં મર્મ છે, રહસ્ય છે, શાંતિ છે તેનો અહેસાસ રોજ સ્વયં સાથેના સંવાદથી થઈ શકે છે.

પ્રાર્થના મનનો ખોરાક છે તો ખુદ સાથેનો વાર્તાલાપ એ જગતને જીતવાની માસ્ટર કી છે. બધા જ લોકોમાં પરમેશ્વર જોવા મળે તો ખુદના ખુદા તમારા ઉપર કેમ ફિદા ના થાય ? વિશ્વમાં જે કાલિમા, અત્યાચાર, અનાચાર છવાયાં છે તે દુખદ છે પરંતુ દીવો પ્રગટાવવાની કોઈ મનાઈ નથી, જે પ્રજ્વળે અને ઉજાસ આપે અથવા બુઝાઈને નવી ચેતના માટે પ્રેરણા આપે એ જ જગતનો મુખ્ય માર્ગ છે. હવે જાગૃત થયા વિના છૂટકો નથી.

જ્યારથી એ જણ
કશાની શોધમાં છે,
ત્યારથી આખું જગત
વિરોધમાં છે.

(અનિલ ચાવડા)

# સાહિત્ય અકાદમી દ્વારા સાહિત્ય માટેનાં પુરસ્કારોની જાહેરાત

ગાંધીનગર, તા.૬

ગુજરાત સાહિત્ય અકાદમીએ સાહિત્યના વિવિધ ક્ષેત્રે થતા સર્જનને વિશેષ પારિતોષિકથી પુરસ્કૃત કરવા નવાં પારિતોષિકોની જાહેરાત કરી છે. ચાલુ વર્ષે આ પારિતોષિકો માટે સાહિત્યકારોની પસંદગી પણ કરવામાં આવી છે, જે નીચે મુજબ છે.

(૧) ગોવર્ધનરામ નવલકથા પારિતોષિક - શ્રી ધીરેન્દ્ર મહેતા
(૨) મલયાનીલ વાર્તા પારિતોષિક- શ્રી મોહન પરમાર
(૩) 'સુંદરમ' કાવ્ય પારિતોષિક- શ્રી રાજેન્દ્ર શુક્લ
(૪) અસાઈત ઠાકર નાટ્ય પારિતોષિક - શ્રી સૌમ્ય જોષી
(૫) સુરેશ જોષી નિબંધ પારિતોષિક- શ્રી મણિલાલ હ. પટેલ
(૬) વિષ્ણુ પ્રસાદ ત્રિવેદી સમીક્ષા પારિતોષિક- શ્રી સુમન શાહ
(૭) ગીજુભાઈ બાળસાહિત્ય પારિતોષિક- શ્રી યશવંત મહેતા

# વાચકોને આમંત્રણ

## સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

## 'મારું માયાળુ મોસાળ'